પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૮ | ૧૦ નવેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉત્તર ભારતમાં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ

**૬.૩ તીવ્રતાના ભૂકંપથી ધ્રૂજી ઉઠ્યું ઉત્તર ભારત, નેપાળમાં ૬ લોકોના મોત : ઉત્તરાખંડના પિથોરાગઢમાં સવારે ૬.૨૭ કલાકે ફરીથી ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા, ભૂકંપની ઊંડાઈ જમીનથી ૫ કિમી નીચે હતી : રાહત કાર્ય માટે તાબડતોબ પહોંચી રેસ્ક્યૂ ટીમ**








નવી દિલ્હી,તા.૯

ગઈકાલે રાત્રે આવેલા ભૂકંપના જોરદાર આંચકાથી ઉત્તર ભારત હચમચી ઉઠ્યું હતું. દિલ્હી-દ્રઝઈમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેપાળમાં એપિસેન્ટર હોવાથી અહીં ૬ના મોત લોકોના મોત થયા છે. બુધવારે વહેલી સવારે દિલ્હી-એનસીઆરમાં આવેલા ૬.૩ની તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર નેપાળમાં હતું. અહીં ડોટી જિલ્લામાં મકાન ધરાશાયી થતાં મૃત્યુઆંક વધીને ૬ થયો છે.નેપાળની સેનાને ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં પહોંચી ગઇ છે અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દીધી છે. ગઈકાલે રાત્રે ૨ વાગ્યે ભૂકંપના આંચકા આવ્યા બાદ સવારે ફરીથી આંચકા અનુભવાયા હતા. ઉત્તરાખંડના પિથોરાગઢમાં સવારે ૬.૨૭ કલાકે ફરીથી ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૫ કિમી નીચે હતી અને તેનું કેન્દ્ર નેપાળ હતું. આ પહેલા મંગળવાર-બુધવારની વચ્ચેની રાત્રે પિથોરાગઢમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પિથોરાગઢ જિલ્લામાં રાત્રે ૧.૫૮ કલાકે ૫ સેકન્ડ માટે ધરતી ડોલી થઈ હતી. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫-૭ માપવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ બાદ લોકો




ગભરાઈને ઘરની બહાર નીકળી ગયા હતા. જણાવી દઈએ કે દિલ્હીમાં મોડી રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા છે. રાત્રે ૧.૫૮ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના કારણે લોકો ગભરાઈ ગયા હતા અને લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. નોઈડા અને આસપાસના શહેરોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૬.૩ હતી. નેપાળમાં ગઈકાલે રાત્રે આવેલા ભૂકંપની તીવ્રતા ૬.૩ હતી. આ તીવ્રતા ઘણી વધારે હતી. નેપાળમાં આવેલા ભૂકંપમાં ૬ લોકોના મોત થયા છે. નેપાળના ડોટી જિલ્લામાંથી ત્રણ લોકોના મોતના અહેવાલ છે. કહેવામાં આવી રહ્યું છે કે ભૂકંપના કારણે એક મકાન ધરાશાયી થતાં આ લોકોના મોત થયા છે. ડોટીમાં મકાન ધરાશાયી થવાથી ૬ લોકોના મોત થયાનો અહેવાલ મળી રહ્યાં છે. ગઈકાલે રાત્રે આવેલા ભૂકંપના જોરદાર આંચકાથી ઉત્તર ભારત હચમચી ઉઠ્યું હતું. દિલ્હી-દ્રઝઈમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૩ હતી. પાડોશી દેશ નેપાળમાં ભૂકંપનું કેન્દ્ર હતું. આ ભૂકંપ ગઈકાલે રાત્રે ૧:૫૭ વાગ્યે આવ્યો હતો અને નેપાળમાં આ ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિમી નીચે હતું. ભૂકંપના કારણે ચીનની ધરતી પણ ધ્રૂજી ગઈ હતી.

## નીરવ મોદીને પ્રત્યાર્પણથી ભારત મોકલવા આદેશ

**ભાગેડુ નીરવ મોદીને UKની કોર્ટમાં ફટકો : ડાયમંડના વેપારી નીરવ મોદીની અરજી ફગાવી દેવામાં આવતા લંડનમાં તેના માટે વધારે સમય સુધી રહેવું મુશ્કેલ**

નવી દિલ્હી, તા.૯

ભારતીય બેન્કોને કરોડો રૂપિયાનો ચુનો લગાવીને લંડન ભાગી ગયેલા નીરવ મોદીને યુકેમાં



લંડન હાઈ કોર્ટમાં મોટો ફટકો લાગ્યો છે. કોર્ટે નીરવ મોદીની અપીલ કાઢી નાખી છે અને તેનું ભારતને પ્રત્યાર્પણ કરવા આદેશ આપ્યો છે. એટલે કે નીરવ મોદીની હવે ભારતને સોંપણી કરવામાં આવે તેવા દિવસો બહુ દૂર નથી. ડાયમંડના વેપારી નીરવ મોદીની અરજી ફગાવી દેવામાં આવતા લંડનમાં તેના માટે વધારે સમય સુધી રહેવું મુશ્કેલ છે. ૫૧ વર્ષીય નીરવ મોદી સાઉથ-ઈસ્ટ લંડનમાં વેન્ડ્સવર્થની જેલમાં પુરાયેલ છે.

નીરવ મોદી સામે મની લોન્ડરિંગ અને પંજાબ નેશનલ બેન્ક (દ્રમ) સાથે બે અબજ ડોલરની છેતરપિંડી કરવાનો આરોપ છે. લંડનની કોર્ટમાં નીરવ મોદીએ દલીલ કરી હતી કે તેને પ્રત્યાર્પણથી ભારતને સોંપવામાં આવશે તો તે અન્યાય તથા અત્યાચાર ગણાશે. મોદીએ પોતાની માનસિક સ્થિતિનું કારણ આપીને ભારતને સોંપણી ન કરવા માંગ કરી હતી.

ભારતમાં નીરવ મોદી સામે CBIએ કેસ કર્યો છે જે પ્રમાણે તેમણે બનાવટી દસ્તાવેજોના આધારે લોન એગ્રીમેન્ટ કર્યા હતા અને બેંક સાથે છેતરપિંડી કરી હતી. આ ઉપરાંત નીરવ મોદીએ કેટલાક પૂરાવા ગુમ કરી દીધા છે અને સાક્ષીઓને મારી

● અનુસંધાન પાન-૭ પર

## દેશના ૫૦મા ચીફ જસ્ટિસ તરીકે ડી. વાય. ચંદ્રચુડએ શપથ લીધા

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ શપથ લેવડવ્યા : બોમ્બે અને અલાહાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બાદ ચંદ્રચૂડ સુપ્રીમના અત્યારે સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ**

નવી દિલ્હી, તા.૯

દેશના ૫૦મા ચીફ જસ્ટિસ તરીકે ડી. વાય. ચંદ્રચુડની શપથવિધિ આજે સંપન્ન થઈ હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ તેમને શપથ લેવડવ્યા હતા. સોમવારે



ચીફ જસ્ટિસ તરીકે જસ્ટિસ લલિત નિવૃત્ત થયા હતા. પિતા પછી પુત્ર પણ દેશના ચીફ જસ્ટિસ બન્યા હતા

દિલ્હીમાં અર્થશાસ્ત્ર સાથે સ્નાતક અને હાવર્ડમાં કાયદાનું શિક્ષણ મેળવ્યા બાદ બોમ્બે હાઈકોર્ટમાં જસ્ટિસ અને અલાહાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે કાર્ય કર્યા બાદ તે સુપ્રીમ કોર્ટના અત્યારે સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ છે.

જસ્ટિસ ધનંજય યશવંત ચંદ્રચુડનો જન્મ ૧૧ નવેમ્બર ૧૯૫૯ના રોજ થયો હતો. તેમના પિતા યશવંત વિષ્ણુ ચંદ્રચુડ ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ હતા અને તેમની માતા પ્રભા શાસ્ત્રીય સંગીતકાર છે. તેમણે રાષ્ટ્રીય રાજધાનીમાં સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં બીએ ઓનર્સ કર્યું. આ પછી તેણે દિલ્હી યુનિવર્સિટીના કેમ્પસ લો સેન્ટરમાંથી એલએલબી કર્યું. ત્યારબાદ તેણે યુએસએની હાર્વર્ડ લો સ્કૂલમાંથી ફોરેન્સિક સાયન્સમાં એલએલએમ અને ડોક્ટરેટની પદવી મેળવી.

જસ્ટિસ ચંદ્રચુડ ઐતિહાસિક ચુકાદાઓ આપનારી અનેક બંધારણીય બેંચો અને સુપ્રીમ કોર્ટની બેન્ચનો ભાગ રહ્યા છે. તેમાં અયોધ્યા જમીન વિવાદ, આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ સમલૈંગિક સંબંધોને અપરાધ જાહેર કરવા, આધાર યોજનાની માન્યતા સાથે સંબંધિત બાબતો, સબરીમાલા મુદ્દો, સેનામાં મહિલા અધિકારીઓને કાયમી કમિશન, ભારતીય નૌકાદળમાં મહિલા અધિકારીઓને કાયમી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યૂઝીલેન્ડને હરાવીને પાકિસ્તાન ત્રીજીવાર ફાઈનલમાં પહોંચ્યું

**ટી-૨૦ વર્લ્ડકપ સેમીફાઈનલમાં ન્યૂઝીલેન્ડને ૭ વિકેટે પરાજય આપ્યો : ન્યૂઝીલેન્ડે આપેલા ૧૫૩ રનના લક્ષ્યાંકને પાકિસ્તાને ૧૯.૧ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને પાર પાડ્યો : બાબર આઝમ-મોહમ્મદ રિઝવાનની અડધી સદી**

સિડની, તા.૯

ભારત અને ઝિમ્બાબ્વે સામે હાર્યા બાદ ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની બહાર થવાના આરે આવી ગયેલી પાકિસ્તાની ટીમ ફાઈનલમાં પહોંચી ગઈ છે. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બુધવારે રમાયેલી પ્રથમ સેમિફાઈનલમાં પાકિસ્તાની ટીમે બોલિંગ અને બેટિંગમાં લાજવાબ પ્રદર્શન કરતા ન્યૂઝીલેન્ડ સામે સાત વિકેટે વિજય નોંધાવ્યો હતો. આ સાથે પાકિસ્તાને ફાઈનલમાં પહોંચી ગયું છે જ્યારે કેન વિલિયમ્સનની આગેવાનીવાળી ટીમના અભિયાનનો અંત આવી ગયો છે. ન્યૂઝીલેન્ડની બોલિંગ અને બેટિંગ બંને નબળા રહ્યા હતા. કેન વિલિયમ્સને ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. ટીમની બેટિંગ નિરાશાજનક રહી હતી પરંતુ ડેરિલ મિચેલની અડધી સદી તથા વિલિયમ્સનની મહત્વની ઈનિંગ્સની મદદથી ન્યૂઝીલેન્ડે નિર્ધારીત ૨૦ ઓવરમાં ચાર વિકેટે




૧૫૨ રનનો સ્કોર નોંધાવ્યો હતો.

પાકિસ્તાન સામે ૧૫૩ રનનો આસાન કહી શકાય તેવો લક્ષ્યાંક હતો. તેમાં પણ વિકેટકીપર બેટર મોહમ્મદ રિઝવાન અને સુકાની બાબર આઝમની ઓપનિંગ જોડીએ આ લક્ષ્યાંકને વધારે આસાન બનાવી દીધો હતો. ટુર્નામેન્ટમાં પાકિસ્તાની બેટર્સનું પ્રદર્શન એટલું પ્રભાવશાળી રહ્યું નથી પરંતુ સેમિફાઈનલ જેવી મહત્વની મેચમાં બાબર અને રિઝવાને ફોર્મ પરત મેળવી લીધું હતું. આ જોડીએ ધમાકેદાર અંદાજમાં બેટિંગ કરી હતી.

# રૂપાણી સહિત આઠ મંત્રીઓ ચૂંટણી નહિ લડે

**પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહ, પ્રદિપસિંહ જાડેજા, આર. સી. ફળદુ, કૌશિકભાઈ પટેલ, સૌરભ પટેલ, કૌશિક પટેલની ચૂંટણી નહિ લડવાની જાહેરાત**

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટેની પ્રક્રિયાનો આરંભ થઈ ચુક્યો છે. આજે કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક શરૂ થાય તે પૂર્વેજ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલને અલગ-અલગ પત્ર લખી આગામી સામાન્ય ચૂંટણીમાં તેમની કોઈપણ પ્રકારની દાવેદારી નહિ હોવાનું તેમજ તેઓ ચૂંટણી લડવા નથી માગતા તેવી જાણ કરી છે.

આ ઉપરાંત આર. સી. ફળદુ, કૌશિકભાઈ પટેલ, સૌરભ પટેલે પણ ચૂંટણી નહિ લડવાની જાહેરાત મોડી સાંજે કરી હતી. રૂપાણી મંત્રીમંડળના ૧૦ જેટલા મંત્રીઓએ આવો પત્ર લખી ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યાની વાતો પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મોડી સાંજે આરંભાઈ ગઈ છે. દિલ્હી ખાતે આ બેઠક મળી તે પહેલાં મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ વચ્ચે એક બેઠક મળી હતી. જેમાં ચૂંટણીને લઈ કેટલીક મહત્વની ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.









ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે ત્યારે મતદાનની તારીખોનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયો છે. જેના કારણે તમામ રાજકીય પક્ષો ચૂંટણી જીતવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. તમામ રાજકીય પક્ષોએ વિધાનસભાની ચૂંટણીને લઈ પ્રચાર અભિયાનને તેજ બનાવ્યું છે. રાજકીય પક્ષો મતદારોને આકર્ષવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપે એક વાર ફરી સત્તા વાપસી માટે તનતોડ મહેનત કરી રહી છે. ચૂંટણીને લઈ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે, હું ચૂંટણી નહીં લડું.પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના અગ્રણી નેતા વિજય રૂપાણીનું મોટું નિવેદન સામે આવ્યું છે.

તેમણે કહ્યું છે કે, હું ચૂંટણી નહીં લડું. વિજય રૂપાણી જણાવ્યું છે કે, હું ચૂંટણી નથી લડવાનો. વિજય રૂપાણી રાજકોટ પશ્ચિમ બેઠક પરથી ધારાસભ્ય છે. વિધાનસભાની ચૂંટણી પહેલા જૂના જોગીઓ જાહેરાત કરી છે તેઓ ચૂંટણી નહી લડે. વિજય રૂપાણી બાદ નીતિન પટેલે પણ જણાવ્યું છે કે, હુ ચૂંટણી નહી લડુ.